ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૨૮/૧૨/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં ‘એક્ષ્પોર્ટ ફાયનાન્સ એન્ડ ફોરેન ટ્રેડ પોલિસી ઇશ્યુજ’ વિષય ઉપર સેમિનાર યોજાયો

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ઇન્ડો થાઇ ચેમ્બર ઓફ એમએસએમઇઝના સંયુકત ઉપક્રમે શુક્રવારે, તા. ૨૭ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે ‘એક્ષ્પોર્ટ ફાયનાન્સ એન્ડ એફટીપી ઇશ્યુજ’ વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે જોઇન્ટ ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ સુરતના ડેપ્યુટી ડાયરેકટર જનરલ શ્રી સુવિધ શાહે મંદી અને રીસેશન ઉપર વકતવ્ય રજૂ કરી મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ. સેમિનારમાં ચેમ્બરની કોન્સ્યુલેટ લાયઝન કમિટીના કો–ચેરમેન તેમજ ઇન્ડો થાઇ ચેમ્બર ઓફ એમએસએમઇઝના મેનેજિંગ ડિરેકટર શ્રી રાકેશ ત્રિવેદીએ ઇન્ડો થાઇ ચેમ્બર ઓફ એમએસએમઇઝ વિશે અને યસ બેંકના રીટેલ ટ્રેડના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી રાકેશ બાળધાએ ઇન્ટરનેશનલ ટ્રેડ વિશે પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતુ.

ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ તેમજ ઇન્ડો થાઇ ચેમ્બર ઓફ એમએસએમઇઝ પ્રમુખ શ્રી રોહિત મહેતાએ સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, યુવાઓ ઇન્ટરનેશનલ બિઝનેસ ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રીત કરી રહયાં છે ત્યારે આજનો સેમિનાર તેઓના માટે ખૂબ જ મહત્વનો રહેશે. ચેમ્બર દ્વારા થતી વિવિધ એકટીવિટી વિશે તેમણે માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે ઇન્ટરનેશનલ ટ્રેડ માટે પણ ચેમ્બર દ્વારા પ્રયાસો કરવામાં આવે છે.

શ્રી સુવિધ શાહે જણાવ્યુ હતુ કે, વર્ષ ૧૯૯૭માં મંદીની જે સ્થિતિ હતી તેવી જ મંદી વર્તમાન સમયે જોવા મળી રહી છે. આ મંદીની પાછળ ઘણા બધા પરીબળો કારણભુત છે. જેમાં માંગ ઘટવી, એક્ષ્પોર્ટમાં ઘટાડો અને કોમોડીટીઝના પ્રાઇઝ ત્રણ–ચાર વર્ષ સુધી સ્ટેબલ રહેવા જેવા પરીબળોનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૦૭થી ૨૦૧૨ દરમિયાન ક્રુડની કિંમત વધી હતી. કોમોડીટીઝ પ્રાઇસમાં વધારો થતા વર્ષ ૨૦૦૭ બાદ સુરતનો પણ ગ્રોથ ખૂબ જ ઝડપથી થયો હતો. તેમણે કહયુ હતુ કે, એમએસએમઇને એક્ષ્પોર્ટ માટે કઈ – કઈ સમસ્યાઓનો સામનો કરવો પડી રહયો છે અને કઈ જગ્યાએ એક્ષ્પોર્ટની ફેસીલિટી આપવી જોઇએ તે અંગે વિચારણા ચાલી રહી છે.

તેમણે વધુમાં કહયુ હતુ કે, રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઉપર ધ્યાન આપવાની જરૂર છે પણ મોટાભાગે આજુબાજુવાળા શું કરે છે તેના ઉપર ધ્યાન આપવામાં આવતુ હોવાથી બિઝનેસમાં નવુ રીસર્ચ થઇ શકતુ નથી. ભારતમાં રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં ટેકનોલોજી આવવી અને તેના આધારે તેજીનું માર્કેટ આવવુ નીલ જેવુ લાગી રહયુ છે. આથી મંદીમાંથી બહાર આવવા માટે ઉદ્યોગને નવુ માર્કેટ અને નવી પ્રોડકટ જે ગ્લોબલ માર્કેટમાં ટકી શકે તે શોધવી પડશે. તેમણે મોરબીનો દાખલો આપતા કહયુ હતુ કે, સુરતના ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ ઉદ્યોગનું એક્ષ્પોર્ટ રૂપિયા ૭ હજાર કરોડ છે. જયારે સુરતના એક નાના વિસ્તાર જેટલા મોરબીનું ટાઇલ્સમાં એક્ષ્પોર્ટ રૂપિયા ૧૦ હજાર કરોડ છે.

શ્રી શાહે વધુમાં જણાવ્યુ હતુ કે, સરકારની ઓનલાઇન પોર્ટલ 'જેમ' કે જેના તેઓ મેનેજર છે તેનું ટર્નઓવર એમેઝોન અને ફિલપકાર્ડ કરતા પણ વધારે છે. એમેઝોન અને ફિલપકાર્ડનું ટર્નઓવર રૂપિયા ૧૦ હજાર કરોડ છે ત્યારે 'જેમ'નું ટર્નઓવર રૂપિયા ૩૦ હજાર કરોડ છે. આગામી વર્ષોમાં આ પોર્ટલ રૂપિયા ૧ લાખ કરોડને પાર કરી જશે તેવી આશા તેમણે વ્યકત કરી હતી. તેમણે વધુમાં કહયુ કે, કોઇપણ મેન્યુફેકચર આ પોર્ટલ થકી પોતાનો સામાન સીધો સરકારને વેચી શકે છે. દેશ અને વિદેશમાંથી કોઇપણ સેલર પોતાનો સામાન વેચી શકે છે. લોકો આ પોર્ટલ પરથી જુદા–જુદા સામાનની ખરીદી કરી શકે છે. અન્ય પોર્ટલોની તુલનામાં લોકોને આ પોર્ટલ પરથી ચોકકસ જ સસ્તો સામાન મળશે.

શ્રી રાકેશ બાળધાએ ઇન્ટરનેશનલ ટ્રેડ વિશે સમજણ આપતા જણાવ્યુ હતુ કે, દેશની બાઉન્ડ્રી ક્રોસ કરીને પ્રોડકટ મોકલાય તેને ઇન્ટરનેશનલ ટ્રેડ કહેવાય. બિઝનેસમાં બાયર અને સેલર વચ્ચે વિશ્વાસ ઓછો થાય એટલે થર્ડ પાર્ટીનું ઇન્વોલ્વમેન્ટ વધી જાય છે. ઇન્ટરનેશનલ ટ્રેડમાં એક્ષ્ચેન્જ રેટ મહત્વનો હોય છે. તેમણે ટ્રેડ માટે મહત્વના ડોકયુમેન્ટ્સ તેમજ પ્રિશીપમેન્ટ ફાયનાન્સ અને પોસ્ટ શીપમેન્ટ ફાયનાન્સ વિશે પણ સમજણ આપી હતી.

શ્રી રાકેશ ત્રિવેદીએ ઇન્ડો થાઇ ચેમ્બર ઓફ એમએસએમઇઝ વિશે માહિતી આપી એક્ષ્પોર્ટરોને થાઇલેન્ડમાં વિવિધ પ્રોડકટ એક્ષ્પોર્ટ કરવા માટે સમજણ આપી હતી.

ચેમ્બરની એકેડેમિક કોર્સિસ એન્ડ લાયબ્રેરી કમિટીના કો–ચેરમેન શ્રી સંજીવ બિશ્નોઇએ સેમિનારનું સંચાલન કર્યુ હતુ. સેમિનારમાં ઉપસ્થિત એક્ષ્પોર્ટરોના વિવિધ સવાલોનો વકતાશ્રીઓએ સંતોષકારક જવાબ આપ્યા હતા. અંતે એકેડેમિક કોર્સિસ એન્ડ લાયબ્રેરી કમિટીના ચેરમેન શ્રી અજિત શાહે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.